Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

શાંતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૭ • તા. ૦૩ જુલાઈ ૨૦૧૭ થી ૦૯ જુલાઈ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ આયોજીત શત્રુંજય મહાતીર્થ યાત્રા, નમીઉણમ પૂજન તથા પંચતીર્થીની તસવીરી ઝલક



















# ધરમશી પરિવાર નલિયાનો તેજસ્વી તારલો

## ચિ. અર્જુન

## વિપુલા મુકેશ ધરમશી ને હાર્દિક અભિનંદન






શૈક્ષણિક ક્ષેત્રે તથા બિઝનેસ ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ હાસિલ કરનાર અમારા મિત્ર **ચિ. અર્જુન** ને ફ્રાન્સ ની **ESC PAU French Business School** માં થી **MBA** માં ગોલ્ડ મેડલ **1st Rank** પ્રાપ્ત કરતા અમે ગૌરવ અનુભવીએ છીએ.

**ચિ. અર્જુન** ને પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર માતા-પિતા **શ્રીમતી વિપુલાબેન** તથા **શ્રી મુકેશભાઈ** ને પણ ખુબ-ખુબ અભિનંદન.

**તારી સફળતા ઉત્તરોત્તર વધતી જ રહે એ શુભેચ્છા સહ.**

**શ્રી નલિયાવાસી ડોમ્બિવલી મિત્ર મંડળ**





## શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા યોજાઈ શત્રુંજય મહાતીર્થ યાત્રા

શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળના ઉપક્રમે તા. ૦૧-૦૬-૨૦૧૭ થી તા. ૦૫-૦૬-૨૦૧૭ સુધીની શ્રી શેત્રુંજય મહાયાત્રા ૧૫૦ યાત્રિકો સાથેની યોજાઈ હતી આ યાત્રા સર્વે યાત્રિકો માટે યાદગાર અવિસ્મરણીય, ભક્તિ ભાવના સભર અને પુણ્ય ઉપાર્જન યુક્ત રહી હતી. ચાર મહિના અગાઉ સંપૂર્ણ પ્લાનિંગ સાથે રેલ્વે ટિકિટોની આવવાની ને જવાની સર્વે ટિકિટોનું કન્ફોર્મ બુકિંગ થયેલું જ હતું જેમ જેમ દિવસો જતા હતા તેમ તેમ સર્વે યાત્રિકોની ઉત્સુકતા વધતી જતી હતી. આમ કરતા તા. ૦૧-૦૬-૨૦૧૭નો શુભ દિવસ આવી ગયો હતો સર્વે યાત્રિકો રાત્રે ૯.૩૦ ભાવનગર એક્સપ્રેસમાં પોતાની રિઝર્વ થયેલ સીટો ઉપર ગોઠવાઈ ગયા હતા. ઘણા યાત્રિકો એક બીજાને ઘણા દિવસો બાદ મળતા હોઈ મીઠી રયાણ કરતા કરતા ટ્રેનમાં પોતાનો ટાઈમ પસાર કરી રહ્યા હતી. સુરેન્દ્રનગર સ્ટેશન પર નવકારશી લઈ સોનગઢ રેલ્વે સ્ટેશનની રાહ જોવાઈ રહી હતી. બિલકુલ ટાઈમ પર ટ્રેન આગળ વધી રહી હતી. સોનગઢમાં પહેલેથી ત્રણ બસોની વ્યવસ્થા હતી જ સર્વે બસમાં ગોઠવાઈ નલિયાની જ શેઠ શ્રી નરસીનાથાની સૌની પ્રિય ધર્મશાળામાં પહોંચ્યા હતા. રૂમના એલોટમેન્ટ બાદ ભોજન લઈ સૌ નાઈ ધોઈ ફ્રેશ થઈ ની નમિઉણ પૂજન માટે ગોઠવાઈ ગયા હતા.

**માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા (નલિયા-મુલુન્ડ) ના સ્મરણાર્થે સંપૂર્ણ શ્રી નમિઉણ પૂજનનો લાભ આ પરિવારે લીધેલ હતો.** યોગાનુયોગ પૂજ્ય સા. મહોદયાશ્રીજી મ.સા., પૂજ્ય સા. યશોદયાશ્રીજી મ.સા., પૂજ્ય સા. વિનયપ્રભાશ્રીજી મ.સા., પૂજ્ય સા. સંસ્કારનિધિ મ.સા.ની નિશ્રા મળી હતી. સંગીતના સુર ના તાલમેલ અને સંપુર્ણ વિધિવત સાથે પૂજન થયું હતું. અવનવા સ્તવનો રાસ રમતા રમતા ભાવિકો સૌ ભક્તિ વિભોર બની ગયા હતા. પૂજનમાં જીવદયામાટે ઉત્તમ કાર્ય પણ થયું હતું. સાંજે ચોવીહાર બાદ સૌ સામુહિક તળેટીના દર્શન કરવા પહોંચ્યા હતા ત્યાં સામુહિક ચૈત્યવંદન, સ્તવન દ્વારા ભક્તિ કરેલ હતી ઘણા યાત્રિકો પ્રથમ વખત શ્રી શત્રુંજય યાત્રા કરી રહેલ હતા. તળેટીના ઉપર નલિયા અને કચ્છી દશા ઓશવાલ સમાજ માટે ગૌરવ લઈ શકાય એવું શ્રી શેઠ ગોવિંદજી જેવત ખોનાએ બંધાવેલ પ્રભુ ધર્મનાથના દેરાસરના દર્શન અને આરતી પણ કરેલ. ત્યાંથી બાબુના દેરાસર, સમવસરણમંદિર, ગામના દેરાસરોના પણ દર્શન વંદન કરેલ.

બીજો દિવસ શ્રી આદિનાથ દાદાને ભેટવાનો દિવસ હતો સૌ વહેલી સવારે તૈયાર થઈ યાત્રામાટે સુસજ્જ થઈ ગયા હતા. તળેટીનું પ્રથમ ચૈત્યવંદન કરી દાદા આદિનાથનો જયકારો બોલતા યાત્રાની શુભ શરૂઆત કરી હતી ઘણા યાત્રિકો સાત વાગ્યા સુધીમાં દાદાના દરબારમાં પહોંચી પણ ગયા હતા ત્યાં પક્ષાલ પૂજન ચૈત્યવંદન કરી ગિરિરાજની સેવા પૂજા કરી આનંદ સાથે પુણ્ય ઉપાર્જન કર્યું હતું. નવટૂંકમાં આપણા શેઠ તથા શ્રેષ્ઠીઓ દ્વારા બંધાવેલ દેરાસરના દર્શન કરી ધન્ય બન્યા. યાત્રિકો આવી ગરમીમાં પણ સૌના મુખ પ્રસન્ન અને લાગણી સભર હતા કારણ આજે દાદાના દર્શન થયા હતા. બપોરે ભોજન લઈ આરામ કર્યું હતું. સાંજે ચોવીહાર બાદ શાંતિધારા ઉપાશ્રયે પૂજ્ય મુનિવરોના દર્શન વંદન કર્યા હતા. રાત્રે **માતુશ્રી મુરબાઈ ચાંપશી નાગડા (નલિયા-ડોંબિવલી) પરિવાર તરફથી મહાકાળી માતાજી ની ભાવના રાખવામાં આવેલ હતી.** ભાવનામાં પણ નૂતન સ્તવનો ની રમઝટ સંગીતના સથવારે રાસ રમતા રમતા ભક્તિમય બની ગયા હતા. ભાવિકો ખૂબ જ આનંદ માણી રહ્યા હતા. ભાવના બાદ આ યાત્રા માટે જે જે પરિવારોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું એવા સર્વે પરિવારોનું સાલથી બહુમાન કરવામાં આવ્યું હતું. એમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્રીજા દિવસે સવારે ધર્મશાળાના પ્રાંગણમાં આવેલ જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભ પ્રભુની સેવા-પૂજા ઉત્તમ રીતે કરી હતી. નવકારશી બાદ સૌ વિશાલ નયનરમ્ય પ્રકૃતિની ગોદમાં આવેલ હસ્તગિરિના દર્શનાર્થે ૩ બસો સાથે ગયા ત્યાં પણ સામુહિક ચૈત્યવંદન કરેલ યાત્રિકો વિશાલ તીર્થ જોઈ મુગ્ધ બની ગયા હતા. ઘણા યાત્રિકો સેલ્ફી લેવામાં પણ મશગુલ હતા. ત્યાંનું શીતળ વાતાવરણ આહલાદક હતું. દર્શન વંદન કરી પાછા ધર્મશાળામા આવેલા. ત્યાં બપોરનું ભોજન લઈ ત્યાં રૂ. ૨૦૦/- સંઘ પૂજન કરવામાં આવેલ. થોડા વિશ્રામ બાદ અઢીદ્વીપ, કીર્તિધામ, ગુણોદયધામ તીર્થના પણ દર્શન વંદન કરેલ. ત્યાંથી સોનગઢમાં આવેલ મહાવીર વિદ્યાલય પહોંચેલ. ત્યાં કુલીનકાન્ત હીરાચંદ ખોના ખૂબ જ સારી રીતે સરભરા કરી હતી સંપૂર્ણ વિદ્યાલય અંગે માર્ગદર્શન આપ્યું. ત્યાં ચોવિહાર કરી મુંબઈ તરફ આવવા સોનગઢ રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. યાત્રિકો ત્રણે દિવસ ના સંસ્મરણો યાદ કરતા કરતા આ યાત્રા યાદગાર બનાવતા પરત મુંબઈ આવી પહોંચ્યા હતા.

આ કાર્યક્રમને યાદગાર બનાવવા સર્વે કાર્યકરોએ ખૂબ જ અથાગ મહેનત કરી હતી. આ કાર્યક્રમમાં શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ ના સર્વ ટ્રસ્ટીઓ તથા ધર્મશાળાના મહેતાજી તથા સ્ટાફનો ખૂબ જ સુંદર સહયોગ સાંપડ્યો હતો. રહેવા-જમવા માટે ઉત્તમ વ્યવસ્થા અને ત્યાંનો સ્ટાફ સંપૂર્ણ સહયોગી રહ્યો હતો.

***

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ



આયોજીત

## દાતાઓના સહયોગથી પર્યુષણ પર્વ બાદ

**પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસના અવસરે

# ચૈત્યપરિપાટી દેવલાલી – સાંવત્સરીક વંદન

**પ્રસ્થાન :** મંગળવાર, તા. ૦૫-૦૯-૨૦૧૭ બસ દ્વારા ● **આગમન :** મંગળવાર, તા. ૦૫-૦૯-૨૦૧૭ના રાતના મુંબઈ આગમન

**મહાજન કાર્યાલયે પ્રતિ વ્યક્તિ દીઠ રૂપિયા ૧૫૦/– તારીખ : ૨૦-૦૮-૨૦૧૭ સુધી ભરીને આપના નામો વહેલા તે પહેલાના ધોરણે નોધાવશો. ફોન ઉપર નામ લેવામાં નહિ આવશે. ફોર્મ ભરવાનો ફરજીયાત છે.**

**બસ ઉપાડવાના સ્થળ : મસ્જિદ બંદર** - અનંતનાથજી દેરાસર ● **ઘાટકોપર** - જીરાવલ્લા દેરાસર

**ભાંડુપ** - અનંત સિધ્ધિ ● **મુલુંડ** - ઝવેર રોડ ● **ડોંબિવલી** - સુવિધિનાથ દેરાસર

**નવકારશી, બપોરના જમણ અને ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવશે.**



**બસના દાતા આવકાર્ય છે ૧૫૦૦૦/- એક બસના**

**મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનો એ લાગા ભરીને નામ લખાવવા.**



**મહાજન કાર્યાલય :** સમય ૧૨ થી ૬ વાગે સુધી

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**નોંધ :** એકથી વધુ નામ હોય તો ફોર્મની ઝેરોક્ષ કઢાવી લેવી.

---

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

# ચૈત્યપરિપાટી દેવલાલી – સાંવત્સરીક વંદન

**પ્રસ્થાન :** મંગળવાર, તા. ૦૫-૦૯-૨૦૧૭ બસ દ્વારા ● **આગમન :** મંગળવાર, તા. ૦૫-૦૯-૨૦૧૭ના રાતના મુંબઈ આગમન

નામ : ____________________

સરનામું : ____________________

____________________

મોબાઈલ નંબર : ____________ ઉંમર : ____________ સ્ત્રી/પુરુષ

વતનમાં ગામ : ____________ લાગા ખાતા ક્રમાંક : ____________

**પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસના અવસરે
આયોજિત યાત્રામાં જોડાવવા માગું છું. યાત્રામાં મારા તરફથી સંપૂર્ણ સહકાર રહેશે.

હું યાત્રામાં ઘાટકોપર ☐ ભાંડુપ ☐ મુલુંડ ☐ મસ્જિદ બંદર ☐ ડોંબિવલી ☐ ની બસમાં જોડાઇશ.

સહી : ____________ તારીખ : ____________

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી શાહ
ઉદયન લાલજી શાહ

અંક નં. 27/2017

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી શાહ
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# લીડરશીપ સમીટ - ૨૦૧૭

લીડરશીપ સમીટ એ શ્રી નિશિથ દંડની પરિકલ્પના હતી જેનો પ્રસ્તાવ તેમણે સમસ્ત મહાજનશ્રી પાસે મૂક્યો અને તેમની મંજૂરી મેળવી અને સમીટનું સફળ આયોજન કરી સફળતા મેળવી. શ્રી રાજેશ મોમાયા સહ આયોજક તરીકે નિશિથ દંડ સાથે જોડાયા હતા.

આગોત્તરી તૈયારી રૂપે પ્રશ્નાવલિ તૈયાર કરીને બધા મહાજનોને મોકલવામાં આવી હતી. જેથી કરીને તેમના વિચાર અને મંતવ્યો જાણી શકાય, તથા સમીટનું ધ્યેય અને મહાજનનો વિચાર જાણી શકાય. લગભગ ૯૦ મહાજનનો અને વિવિધ સંસ્થાઓએ આ સમીટમાં ભાગ લીધો.

૬૦ દિવસની અથાગ મહેનત પરિણામે બધાજ મહાજનો આ સમીટમાં ભાગ લેવા તૈયાર થયા અને નીચે મુજબના મુદાઓ તરફ ચિંતાઓ દર્શાવવામાં આવી.

૧. ભવિષ્યની કલ્પના સારી છે પણ બહુ આશા નથી,
૨. વિચારો અમલમાં મુકવામાં નહીં આવે.
૩. સંસ્થાઓના હોદેદારો પોતાનું વલણ નહીં બદલે તો ?

**લીડરશીપ સમીટના મુખ્ય મુદાઓ નીચે પ્રમાણે હતા.**

૧. બધાજ મહાજનોના હોદેદારો એક સ્થળે ચર્ચા વિચારણા માટે મળે અને સમસ્ત મહાજન તથા જ્ઞાતિના બીજા મહાજનો કઈ જાતની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, એ નિષ્કર્ષ ઉપર આવે.
૨. જ્ઞાતિના બુધ્ધિશાળી વર્ગને સામેલ કરવામાં આવે.
૩. મુશ્કેલીઓનો હલ કાઢવામાં આવે.
૪. ક.દ.ઓ. સમાજના ભવિષ્યની કલ્પના કરવી.
૫. જ્ઞાતિને ઉપયોગી એવી વ્યવસ્થાઓ અને પ્રવૃતિઓ ઉપર ચર્ચા વિચારણા કરી તેના અમલીકરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, અને એના અમલીકરણ માટે આગેવાન નિમવા.
૬. બધીજ વ્યવસ્થાઓમાં સુશાસન લાવવું અને તેમાં સતત સુધારા વધારા કરવા.
૭. બધાજ મહાજનો અને સમસ્ત મહાજન વચ્ચે સુમેળ સાધવો.
૮. નાણાકીય બાબતોનું વ્યવસ્થિત સંચાલન કરવું અને નાણાં જમા કરીને મહાજનોને પગભર કરવા.
૯. મહાજનોના આગેવાનો સાથે વિચાર વિમર્શ કરવો અને તેમની સાથે વિચારોનું આદાન પ્રદાન કરવું અને તેમના સાથે સુમેળ સાધવો.

સમીટનું આયોજન બહુજ મોટા પ્રમાણમાં રામાડા હૉટલ, પવઈમાં કરવામાં આવ્યું હતું. લગભગ ૩૦૦થી વધારે આગેવાનોને ૪૦૦૦ સ્કે. ફૂટના હૉલમાં સમાવામાં આવ્યા હતા. ૪૦ ટેબલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમીટમાં મોટું સ્ક્રીન રાખવામાં આવ્યું હતું, જેથી કરીને દરેક પ્રેક્ષક જોઇ શકે, ભાગ લઈ શકે અને વોટ કરી શકે.

સમીટના ઉદ્ઘાટન પછી એક ચલચિત્રમાં કે.ડી.ઓ.ની ૨૦૦ વર્ષની સંસ્કૃતિ, ઇતિહાસ અને ધર્મને લગતી બાબતોને દેખાડવામાં આવી હતી.

સમીટમાં જાણીતા વ્યવસાયિક નિષ્ણાત અને કંપની ગુરુ શ્રી નિર્મલ પારેખને આમંત્રણ આપવામાં આવેલ હતું. શ્રી પારેખે તેમના વ્યક્વ્યમાં આગેવાનીના પાયાના મુદ્દાઓની બહુજ અદ્ભુત રીતે રજુઆત કરી જેનો જ્ઞાતિ ઉત્કર્ષમાં ઉપયોગ કરી શકાય અને વિવિધ સંસ્થાઓ જે જ્ઞાતિને સેવા આપે છે, વિકાસ સાધે છે અને ઉત્કર્ષ કરે છે એમનો પણ વિકાસ સાધી શકાય.

આ પછી સમીટ દરમ્યાનનો બહુજ મહત્વનો તબક્કો શરૂ થયો જેમાં વિવિધ આગેવાનો તરફથી મંતવ્યો માંગવામાં આવ્યા, ચર્ચા વિચારણા કરવામાં આવી. વિચારોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું અને નિષ્કર્ષો અને તારણો કાઢવામાં આવ્યા અને ક.દ.ઓ. જ્ઞાતિના ભવિષ્યનો દૃષ્ટિકોણ નીચેના શબ્દોમાં રજુ કરવામાં આવ્યો.

બધીજ ચર્ચા વિચારણા અંતે નીચે દર્શાવેલ પ્રવૃતિઓ ઉપર વધારે ધ્યાન આપવ્યું, એમનું વ્યવસ્થિત સંચાલન કરવું અને એમાં જ સતત સુધારા કરવા જેથી દરેક જ્ઞાતિજન એનો લાભ લઈ શકે. આ પ્રવૃત્તિ માટે વોટ પણ લેવામાં આવ્યા હતા. દરેક વિકલ્પને સંમતિ માટે મળેલા વોટ નીચે મુજબ છે.

**૧ તબીબી પ્રવૃત્તિ :**

૧) તબીબી સારવાર અને શારીરિક સાર સંભાળ રૂગ્ણાલય અને તબીબી કેન્દ્રો ઊભા કરવા – **૩૨%**

૨) નિષ્ણાત તબીબોની એક પેનલ બનાવવી – **૪૪%**

૩) શારિરીક અવયવોનું દાન અને રોપણ – **૪%**


**જાહેરાત દાતાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઈ ૧૭થી **GST** લાગુ થશે જેમાં જાહેરાત ઉપર **5% GST** લાગશે. જેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


૪) તબીબી સહાય – **૧૫%**

૫) બ્લડ બેંક – **૫%**

**૨. શૈક્ષણિક પ્રવૃત્તિ :**

૧) શિક્ષણ માટે નાણાકીય સહાય – **૩૦%**

૨) પુસ્તક સંગ્રાલય અને વાંચનરૂમ – **૦%**

૩) શાળા, કોલેજ અને વિદ્યાર્થીગૃહ – **૩૮%**

૪) હોશિયાર વિદ્યાર્થીઓને નાણાકીય સહાય – **૩%**

૫) વિવિધ તાંત્રિક શિક્ષણ અને વિવિધ હરીફાઈ લક્ષી પરીક્ષાઓ માટે વ્યવસ્થા – **૨૮%**

**૩. સ્ત્રી શક્તિ :**

૧) નાણાકીય સહાય ગૃહઉદ્યોગ અને વ્યાપારી સાહસ માટે – **૧૪%**

૨) બાળ ઉછેર પરિષદ – **૭%**

૩) મહિલા નેતૃત્વ વિકસાવવું – **૨૦%**

૪) મહિલા સશક્તિકરણ – **૪૭%**

૫) નોકરી માટે તકો ઊભી કરવી – **૧૨%**

**૪. યુવા શક્તિનો વિકાસ :**

૧) રોજગારીની તકો ઊભી કરવી – **૪%**

૨) વિશેષ યોગ્યતા પ્રાપ્ત/નિષ્ણાત યુવા વર્ગનો વિકાસ કરવો – **૪૩%**

૩) યુવાઓનો વેપારી સાહસ અને ઉદ્યોગલક્ષી વિકાસ સાધવો – **૨૭%**

૪) નેતૃત્વ તૈયાર કરવું – **૨૫%**

૫) રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિકાસ – **૧%**

**૫. નાણાકિય વ્યવસ્થા :**

સમસ્ત મહાજન અને બીજા મહાજનોના નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે દરેક જ્ઞાતિજન પાસેથી નાણાકીય સહાય અનુદાન રૂપે લેવી – **૬૫%**

**ક.દ.ઓ. મંત્રાલય :**

જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓનુ સુચારૂ સંચાલન કરવા માટે જ્ઞાતિનું મંત્રાલય ઉભું કરવું અને વિવિધ હોદાઓ અને પ્રવૃત્તિઓ માટે પગારદાર નિષ્ણાતોની નિમણુંક કરવી.

**ક.દ.ઓ. જ્ઞાતિની વ્યવસ્થાના માળખામાં સુધારણા કરવી.**

જ્ઞાતિના વિવિધ ધ્યેય અને પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા તથા તેનું સુચારૂ સંચાલન કરવા ૧૨ સમિતિઓની રચના કરવી અને તેમના સભ્યોની સમસ્ત મહાજન, બીજા મહાજનો અને સંસ્થાઓમાંથી નિમણુંક કરવી અને સમિતિઓની દેખરેખ અને માર્ગદર્શન માટે એક સંચાલન સમિતિની રચના કરવી. બધી પ્રવૃત્તિઓના લેખા જોખા સમસ્ત મહાજનને આપવા.

આ સમીટની સફળતા માટે આધુનિક વિજાણું ઉપકરણો, નાના ચલચિત્રો અને કેટલીક પ્રાયોગિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**– નિશિથ દંડ**, વડોદરા

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

સંચાલિત

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

અણમોલ જ્ઞાતિ અનંત ગૌરવ

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦૦૦૯. ફોન : ૨૩૪૪૮૨૭૪



સ્કીન કેર
હેર કેર સેમિનાર
કેમ્પ - ૨૦૧૭

## પેથોલોજીના શુભારંભ સાથે
## સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭

જય જિનેન્દ્ર ! જય જય શ્રી અનંતનાથ !!

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ જ્ઞાતિજનો સમક્ષ લાવી રહ્યું છે... 'સ્કીન કેર અને હેર કેર કેમ્પ - ૨૦૧૭'

૧. સ્કીન ફંગલ ઇન્ફેક્શન, પીમ્પલ્સ, પીગમેન્ટેશન, હેર ફોલ, ફેઇરનેશ, ડેન્ડ્રફ.

૨. હેલ્થી ગ્લોવીંગ સ્કીન માટેની સરળ ઉપાયો.

૩. રૂટીન સ્કીન કેર અને હેર કેર

ઇત્યાદિ બાબતે સેમીનાર રવિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૭ના રોજ સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ દરમ્યાન રહેશે. જેમાં ફરજીયાત રજીસ્ટ્રેશન સાથે વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૫૦ જ્ઞાતિજનોનો સમાવેશ રહેશે.

**ડૉ હર્ષ શાહ (M.B.B.S., M.D.)**
**દ્વારા સેમીનાર રહેશે.**

**સ્થળ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ સર્વોદય મંડળ**
વીરજી જીવરાજ મેપાણી હોલ, ગ્રાઉન્ડ ફ્લોર,
દેવ પૂંજ બિલ્ડીંગ, કસ્તુરબા માર્ગ,
મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.





લિ. આપના વિનમ્ર
**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
**સર્વે ટ્રસ્ટીગણ**

Seminar Registration
₹100/-
Refundable

રજીસ્ટ્રેશન માટે સંપર્ક

| | | | |
|---|---|---|---|
| શ્રીમતી મનીષા મિતેશ લાલકા | શ્રીમતી જસ્મીનબેન ધુલ્લા | શ્રી રીતેશ કિશોર કાયાણી | શ્રી નીતિન નાગડા |
| મો. 9820545734 | મો. 9619074996 | મો. 9821915642<br>9321915642 | મો. 7039340663<br>C/o. 022-23448274 |

રજીસ્ટ્રેશન માટે ઉપરના નંબર પર સંપર્ક કરો અથવા ઇમેલ પર નોંધણી કરાવો : shethnnmedical@gmail.com

## આરોગ્ય પ્રકાશ : ફ્રીજનું ઠંડુ પાણી અને ઠંડા પીણાં

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આજકાલ ઘણાને અને ખાસ કરી નાના બાળકો, યુવાનોને ફ્રીજનું ઠંડૂ પાણી, બરફ નાખેલ પાણી અને ઠંડા પીણાં પીવાનું ખૂબ જ ગમે છે જે આરોગ્ય માટે સારૂં નથી. યુવાનો તો ખાસ કરીને નાસ્તા-જમણ સાથે ઠંડા પીણાં પીએ છે, જે આરોગ્ય માટે ખૂબ જ નુકસાનકર્તા છે. સહેજ હુંફાળુ પાણી આરોગ્ય માટે ખૂબજ ફાયદાકારક છે. માટીના માટલાનું પાણી લઈએ તો એ પણ આરોગ્ય માટે સારૂં છે. કુદરતથી વિરુદ્ધમાં આપણે જઈએ એટલે નુકશાન તો ચોક્કસ થવાનું જ છે પછી એ પાણી બાબત કેમ ન હોય. કુવા, તળાવ અને એમાંથી આવેલ પાણીમાં અશુધ્ધિઓ હોય છે, બિમારીનાં જંતુઓ હોય છે માટે વૈજ્ઞાનિકો આર.ઓ. પ્લાન્ટ (પાણી શુધ્ધિકરણ મશીન) લાવ્યા તો એ શુધ્ધ પાણીમાં વિટામીન $B_{12}$ જેવા જરૂરી તત્વો પણ એમાંથી દૂર થઈ ગયા. ઠંડા પાણી અને બીજા ઉપયોગ માટે ફ્રીજ બનાવ્યા તો ઠંડુ પાણી ગળાને ટાઢક આપે પણ આરોગ્ય માટે નુકશાનકર્તા છે. સ્ટેનલેસ સ્ટીલ આવ્યું તો અમુક તકલીફો મટી પણ એ આરોગ્ય માટે નુકશાનકર્તા છે આમ દરેક રીતે કુદરતથી દૂર થવાથી આરોગ્ય સાથે બીજા પણ નુકશાન છે.

ફ્રીજના કે બરફના ઠંડા પાણીથી શરદી, કફથી લઈને આરોગ્યની ઘણી તકલીફો થાય છે. પેટમાંનો અગ્નિ-પિત્ત ઓછું થાય છે. એ ઓછું થવાથી ભુખ ઓછી લાગે છે, ખાધેલું પચતું નથી અને પાચન ન થવાથી અનેક બિમારીઓ લાગુ પડે છે. અશક્તિ થાય, વિટામિન્સ, મિનરલ્સ શરીરમાં ઓછા થાય, પ્રતિકાર શક્તિ ઘટે. પચે નહીં એટલે કાચો આમ તૈયાર થાય, વધુ ગેસ તૈયાર થાય એટલે રયુમેટોઈડ આર્થાઈટીસ (આમવાત) થઈ શકે. ગેસ-વાયુ વધવાથી અનેક તક્લીફો થાય. ઠંડા પાણીથી શરીરમાં મેદ એટલે કે ખોટી ચરબી જમા થાય છે, જાડાપણુ-ઓબેસીટી થાય છે. જે અનેક બિમારી શરીરમાં ધીમે ધીમે ઉત્પન્ન કરે છે, જેમ કે હાઈ બી.પી., હૃદય રોગ, ડાયાબિટીઝ, સાંધાપર વજન વધવાથી સંધીવાત, પિત્તાશયમાં પથરી, કીડનીની બિમારીઓથી લઈને કેન્સર સુધીની બિમારીઓ થઈ શકે. વજન ઘટાડવા ઈચ્છતી વ્યક્તિઓએ તો ખાસ હુંફાળુ-નવશેકું પાણી જ પીવું જોઈએ, પણ પાતળી વ્યક્તિઓએ પણ આરોગ્ય જાળવવું હોય તો ઠંડુ પાણી ન જ પીવું. નવશેકુ પાણી અથવા સાદુ રૂમટેમ્પરેચરવાળું કે માટલાનું પાણી પીવું જોઈએ. ઠંડા પાણીથી થાય ગળાને નુકશાન થઈ ફેરીંજાઈટીસ (ગળામાં સોજો) અવાજ બેસી જઈ શકે છે, ધીરે ધીરે ઘોઘરો થઈ શકે છે. અવાજ મીઠો, મધુરો રાખવા ઈચ્છનારે સાદુ કે નવશેકુ પાણી જ લેવું એમાં થોડી હળદર અને મીઠું નાખી લે તો વધુ ફાયદો થાય. (હાઈ બી.પી.,



હૃદયરોગીએ હળદર, મીઠું ન નાખવું. બજારની હળદરમાં મીઠાનું પ્રમાણ ખૂબ હોય છે.)

હુંફાળુ પાણી પીવાથી શરીરમાં અગ્નિ જાગૃત રહેશે, પાચન બરાબર થશે, કફની તકલીફ ઓછી રહેશે, દિવસભર સ્ફૂર્તિ રહેશે, પેટ સાફ આવશે. વજન ઘટાડવા માટે પણ બીજા ઈલાજો સાથે રોજ સવારે ખાલી પેટે ૧ ગ્લાસ હુંફાળા પાણીમાં ૧ આખો લીંબુનો રસ અને ચોખ્ખું મધ હોય તો એ નાખીને લેવાનું હોય છે કેમ કે ઠંડુ પાણી ખોટી ચરબી શરીરમાં વધારે પણ એનાથી વિરુધ્ધ હુંફાળુ પાણી ખોટી ચરબી ઘટાડે. સાથે લીંબુ અને મધના પણ ફાયદા મળે. મધ અસલી હોવું જોઈએ અને ડાયાબિટીઝના દરદીએ એ નાખ્યા વગર લેવું. જેમનું વજન ઓછું હોય એમણે પણ હુંફાળુ પાણી જ લેવું. એનાથી વજન નહીં ઘટે, ફાયદો જ થશે. શરીરની અંદરની ખોટી ચરબી ઘટશે, લોહીની નસોની અંદરની જમા થયેલ ખોટી ચરબી ઘટશે.

ઠંડા પાણીની જેમ જ ઠંડા પીણાં શરીરના આરોગ્ય માટે નુકશાનકર્તા છે. ઠંડા પીણા, ઠંડા પાણીની જેમજ જાડાપણુ અને એના લીધે થતી બધી તકલીફો આપે છે. શરીરમાં સોજા વધારે, પ્રતિકાર શક્તિ ઘટાડે, એમાં વાયુ ઉમેરેલ હોય એટલે પેટમાં ગેસ થઈ તકલીફ કરે અને ઠંડા પીણામાં સાકર, કેમીકલ્સ, પ્રિઝરવેટીવ્સ, કેફીન વગેરે વગેરે હોય છે જે બીજા નુકશાન કરે છે. યુવાનો નાસ્તો-જમણ સાથે ઠંડા પીણાં પીએ છે જે આરોગ્ય માટે ખૂબજ નુકશાનકર્તા છે. ઠંડુ પાણી કે ઠંડા પીણાં જમણ સાથે કે પછી લેવાથી એ તેલવાળા ખાદ્ય સાથે મળી ઘટ્ટ બને છે, પાચન ધીમું પડે છે. આ ઘટ્ટ બનેલ પદાર્થ એસિડ સાથે પ્રક્રિયા કરી છુટ્ટુ પડે છે અને આંતરડામાં વિભાજન થઈ, આંતરડા દ્વારા એનું શરીરમાં શોષણ થાય છે તે કેન્સરનું કારણ બને છે સાથે જ કોલેસ્ટ્રોલ અને ટ્રાયગ્લીસરાઈડ શરીરમાં વધે છે. ઠંડા પાણી કે પીણાંને બદલે ગરમ સુપ કે ગરમ પાણી કંઈપણ ખાધા પછી લેવું વધુ ફાયદાકારક છે. જાપાનમાં લોકો જમ્યા પછી ગરમ પેય લે છે, કે દુધ સાકર વગરની ગરમ ચા (કાલો) લે છે. જાપાનીઓ દુનિયામાં સૌથી વધારે સરેરાશ આયુષ્ય ધરાવે છે એનું રહસ્ય એમની જીવનશૈલી છે, જેમાં એકદમ ઉત્તમ ખાનપાન, પ્રદુષણનું પ્રમાણ ઘણું જ ઓછું, પ્રજામાં લોભ અને મોહનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. સાથે જમ્યા પછી ગરમ પેય લે છે તે પણ છે.

ભારતમાં આજે કિશોર વયના છોકરા-છોકરીઓ, ખાસ કરીને શહેરોમાં ખાસ્સા સ્થુળ એટલે કે જાડા હોવાનું જોવા મળે છે. કિશોર હોય, યુવાન હોય કે વધુ ઉંમરના લોકો હોય જાડાપણું ઘણી બિમારીઓ નોતરે છે. ધીરે ધીરે સાંધાઓનું ઘસાવું, ડાયાબિટીઝ, કોલેસ્ટ્રોલ, હૃદયની નળીઓમાં બ્લૉક્સ અને એને લીધે હાર્ટ એટેક અને બીજી અનેક બિમારીઓ થઈ શકે છે. જાડાપણા માટે કિશોર વયના છોકરીઓમાં જંકફુડ અને એડેડ સુગરવાળા ઠંડા પીણાંના વપરાશ તરફ આંગળી ચિંધવામાં આવે છે. વિશ્વના અનેક દેશોમાં ઘણી બિમારીઓ માટે જંકફુડ ઉપરાંત ઠંડા પીણાંનો દોષ જોવાય છે. મેક્સિકો વિશ્વભરમાં સૌથી વધુ


## PUBLIC NOTICE

Notice is hereby given to public at large that the undersigned Advocate is investigating the title of the owner Shri Anantnathji Maharaj Jain Temple and Its Sadharan Funds, a Public Charitable Trust, who also possess the right to redevelop the property more particularly described in the schedule hereunder.

All persons, having or claiming any right, title, claim, demand or estate interest in respect of the said property or any part thereof by way of sale, exchange, mortgage, let, lease, lien, charge, maintenance, license, gift, inheritance, share, possession, easement, trust, bequest possession, assignment or encumbrance of whatsoever nature or otherwise are hereby required to make the same known to the undersigned in writing at the address mentioned below accompanied with all necessary and supporting documents, within 14 days from the date of publication hereof, failing which it shall be presumed that there are no claims and that claims, if any, have been waived off and the undersigned shall proceed to issue a Title Certificate in respect of the under mentioned property.

### Schedule

ALL THAT piece and parcel of land or ground situate in the Revenue Village of Bhandup, Taluka Kurla, District Bombay Suburban, Registration Sub-District, Registration District Bombay Suburban in Greater Bombay, bearing CTS Nos. 470 admeasuring 3662.60 square metres and CTS No. 470/1 admeasuring 611.70 square metres as per Property Register Card and in aggregate 4274.30 square metres or thereabout along with the buildings standing thereon known as "Anant Siddhi".

| | | | |
|---|---|---|---|
| on or towards | North | By | D.P. Road |
| on or towards | South | By | CTS No.649/1 |
| on or towards | East | By | L.B.S. Marg |
| on or towards | West | By | CTS No.467 & 468 |

sd/-

Dated this 29th June, 2017.

**Satish G. Dedhia,** Advocate
502, Divya Durga, Behind Raja Apartment, L.T. Road,
Dahisar (West), Mumbai-400 068

સ્થુળ લોકોનો દેશ ગણાય છે અહીં ડાયાબિટીઝ ઉપરાંત અનેક બિમારીઓના પ્રમાણમાં ખાસો વધારો થયેલ છે. મેક્સિકોના કિશોરો અને મોટી ઉંમરના લોકોનું સ્વાસ્થય સારૂં રહે એ માટે ત્રણેક વર્ષ પહેલા સોડાટેક્સ તરીકે ઓળખાયેલો કર લાદવામાં આવ્યો. જેથી ઠંડા પીણા ઓછા થાય અને ઓછા લોકો એ પીએ.

૧૯૯૯ થી ૨૦૦૬ ના સમયગાળા દરમ્યાન મેક્સિકોમાં કિશોર વયના બાળકોમાં ઠંડા પીણાં પીવાનું પ્રમાણ બે ગણું વધ્યું. મહિલાઓમાં ૩ ગણો વધારો જોવામાં આવ્યો એ સાથે મહિલાઓની કમરના ઘેરાવામાં ૧૧ સે.મી. જેટલો વધારો થયાનું સર્વેક્ષણમાં જણાયું. ૫ થી ૧૧ વર્ષના બાળકોના જાડાપણામાં ૪૦% વધારો થયાની જાણ થઈ, એ સાથે જ ૧ જ વર્ષમાં ડાયાબિટીઝનું પ્રમાણ ૨ ગણુ વધ્યુ હતું. આ અભ્યાસ યુનિવર્સિટી ઓફ નોર્થ કેરોલાઈના અને મેક્સિકન નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા થયું. મેક્સિકોમાં શીત પેયના વપરાશમાં ફક્ત ૧૦% જેટલો પણ ઘટાડો થશે તો લગભગ ૧ લાખ ૯૦ હજાર મેક્સિકોવાસી મધુમેહથી બચી શકશે અને ૨૦ હજાર જેટલા મૃત્યુ ઘટી જશે. આજ વાત ભારતમાં પણ લાગુ પડે છે કેમકે બંને દેશો વચ્ચે ઘણુ સામ્ય છે. ભારતના ગામડાઓમાં પણ ઠંડા પીણા પીવાનું પ્રમાણ વધતુ જાય છે ખાસ કરીને યુવાનોમાં ઠંડા પીણાં પીવાનું પ્રમાણ ઘટે તો એની આરોગ્યપર લાંબા ગાળાની અસર પર વિશ્વ પણ અભ્યાસ કરી રહ્યુ છે. તાજેતરમાં નવા આવેલા આરોગ્ય બાબતોના ઓનલાઈન અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ઠંડા પીણા પીવાનું મેક્સિકોમાં ઘટવાથી આરોગ્ય પર સારા પરિણામ આવ્યા છે. ભારતમાં આપણા યુવાનો અને મોટાઓ, બાળકો, ઠંડા પીણા પીવાનું ઘટાડશે તો આરોગ્ય પર ચોક્કસ ફાયદો થશે, આરોગ્ય સુધરશે.

આમ બધી રીતે જોઈએ તો બરફનું, ફ્રીજનું ઠંડુ પાણી અને ઠંડા પીણા આરોગ્ય માટે સૌ કોઈને હાનીકારક છે માટે એનો ત્યાગ કરીએ અને આપણું આરોગ્ય જાળવીએ.

# આગોતરૂં આમંત્રણ

## જીવાણી -મુનવર પરિવારો - નિયાણી બહેનો જોગ

## જખૌ-કચ્છ મધ્યે કુળદેવી શ્રી અંબે માતાજીની સમૂહ પેડી

સર્વે જીવાણી-મુનવર પરિવારોને સહર્ષ જણાવવાનું કે, આગામી તા. ૨૪-૧૨-૨૦૧૭ અને તા. ૨૫-૧૨-૨૦૧૭ ના જખૌ-કચ્છ મધ્યે આપણાં કુળદેવી શ્રી અંબેમાતાજીની સમૂહ પેડીનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનું અગોતરું નિમંત્રણ આપને અહીંથી પાઠવીએ છીએ. ખૂબજ મોટી સંખ્યામાં દરેકે દરેક પરિવારોને જરૂર-જરૂરથી પધારવાનું છે. **સમયસર ટ્રેનની ટીકીટો કઢાવી કચ્છ જખૌ પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સવાર-બપોર-સાંજનાં જમણવારનાં નકરા, બેન્ડપાર્ટી તથા ગીત-સંગીત રાત્રિ કલાકારો માટેનાં નકરાઓનો લાભ લેવા વિનંતી છે.**

### તા. ૨૪-૧૨-૨૦૧૭, રવિવાર

- બપોરે ૧ ૨ વાગ્યા સુધીમાં જખૌ આવી જવાનું છે.
- બપોરે ૧ ૨ -૩૦ વાગે બપોરનું ભોજન
- બપોરે ૩ થી ૪ દોષનિવારણ સમૂહ પાઠ સજોડે બેસવાનો નકરો રૂા. ૧૦૦૦/-
- સાંજે ૫-૦૦ કલાકે હનુમાનજીનો લોટ
- સાંજે ૬-૩૦ વાગે ભીખુપીરની સમુહપેડી અને સલામ
- સાંજે ૭-૩૦ કલાકે ધણીબાવાનો પાઠ
- રાત્રે ૮-૩૦ કલાકે સંધ્યા ભોજન
- રાત્રે ૯-૩૦ કલાકે રાસ-ગરબા
  કચ્છી કલાકારોનાં સથવારે ગીત-સંગીતની રમઝટ સાથે નકરો રૂા. ૧૫૦૦૦/-
- સવારની નવકારશી નકરો રૂા. ૪૦૦૦/-
- બપોરનું જમણ નકરો રૂા. ૧૧૦૦૦/-
- સાંજનું જમણ નકરો રૂા. ૭૫૦૦/-
- તા. ૨૫ બપોરનું ગામ જમણ નકરો રૂા. ૧૫૦૦૦/-

### તા. ૨૫-૧૨-૨૦૧૭, સોમવાર

- સવારે ૯ વાગે માતાજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો, બેન્ડપાર્ટી સાથે વાજતે ગાજતે માતાજીની પેડી સમુહમાં થશે.
- વરઘોડામાં રથમાં માતાજીની છબી લઈને બેસવાનો નકરો રૂા. ૩૦૦૦/- • રથનાં સારથી બનવાનો નકરો રૂા. ૨૫૦૦/- • વરઘોડામાં માતાજીની પહેડીનો થાળ લઈ પ્રથમપહેડીચડાવવાનોનકરો રૂા. ૧૧૦૦૦/-
- વરઘોડામાં ભુજની પ્રખ્યાત બેન્ડ પાર્ટી રહેશે. જેનો નકરો રૂા. ૧૫૦૦૦/-
- પેડી બાદ સવાલ-જવાબ
- બપોરે ૧ ૨ કલાકે ગામ જમણ સમુહ ભોજન

**નિમંત્રક :** **શ્રી મુલચંદ પદમશીં મુનવર** મો. ૯૮૯૮૫૩૩૧૯૨ (માતાજીના ભુવા)

**સમિતિ :**
**ભરત જીવાણી** ૯૮૩૩૯૨૧૩૧૩
**શશિકાન્ત જીવાણી** ૯૯૦૯૫૬૭૦૩૮
**પ્રબોધ મુનવર** ૯૯૨૫૧૬૯૮૭૬
**પ્રદિપ મુનવર** ૯૪૨૮૬૮૩૦૦૩
**અમિત જીવાણી** ૯૩૨૯૭૮૪૮૭૮

દરરોજ સવાર-સાંજ માતાજીનો દિવો ધુપ બે ટાઇમ થાય છે. જે માટે નિભાવ ફંડમાં દરેક ભાવિકોને અનુદાન લખાવવા વિનંતી છે. તા. ૩૦-૧૧ સુધી આવેલ લાભાર્થીના નામ બેનર ઉપર મુકવામાં આવશે.

**નાતાલનું મીની વેકેશન હોઇ બે દિવસ માતાજીનાં કાર્ય માટે ફાળવવા વિનંતી છે.**

## સમસ્ત લીડરશીપ સમીટ – ૨૦૧૭




સમસ્ત શ્રી ક.દ.ઓ. જૈન મહાજન તરફથી લીડરશીપ સમીટ – ૨૦૧૭નું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં મહાજનશ્રીનાં પદાધિકારીઓ, મહાસમિતિના પ્રતિનિધીઓ અને નિરીક્ષકોનો બહોળી સંખ્યામાં હાજરી હતી.

લીડરશીપ સમીટ–૨૦૧૭નું આયોજન એટલે જ્ઞાતિનાં સિધ્ધક્ષમ લક્ષ્યોને પરીપૂર્ણ કરવાના સચોટે ઉદ્દેશ્ય. શ્રી ચંદ્રસેનભાઈ મોમાયા અને શ્રી નિશિથભાઈ દંડની તૈયાર કરેલી વિડીઓ ક્લીપીંગ વિઝન કે.ડી.ઓ. દર્શાવવામાં આવી. ''આપણે કે.ડી.ઓ. સર્વત્ર વખણાય'' એ સ્વપ્નને સાકાર કરવા. આપણો સહુ સંપૂર્ણ સહયોગ પ્રદાન કરી હતો.

પ્રશ્નોત્તરીનું માધ્યમ રસપ્રદ હતું. દરેક જ્ઞાતિજને પોતાના મંતવ્યો ખૂબજ નિષ્ઠાપૂર્વક વ્યક્ત કર્યા. શ્રી નિર્મલભાઈ પારેખ અને ટીમ દ્વારા જ્ઞાતિનું વિઝન અને ગોલ્સ નક્કી થયા. ત્યાં ઉપસ્થિત સર્વેની જિજ્ઞાસા અને ઉત્સુકતા હતી કે જ્ઞાતિ પ્રગતિ ના ક્ષેત્રે ઉડાન ભરે. અને એ ઉડાન અને લક્ષ્યાંક ને પ્રાપ્ત કરવા ગવર્નીંગ કાઉન્સીલ, સેક્રેટરીયેટ અને વિભિન્ન સમિતિઓનાં ગઠનની પણ રજૂઆત, વિચારણા થઈ હતી. સહુની મહેનતને સાર્થક કરવા આ બાબતે હવે જલ્દી થી આપણે શુભ શરૂઆત કરવી જોઇએ. જેથી આપણું વિઝન આગળ વધે.

જૂના વિચારોને તીલાંજલિ આપી નવી દિશામાં પદાર્પણ કરી પરિવર્તનનું સર્જન કરીએ. આપણે જ્ઞાતિનાં શ્રેષ્ઠ મહાનુભાવો વડીલોના ઊષ્મા ભર્યા સાથ અને આશીર્વાદ તેમજ લીડરશીપ સમીટના કન્વીનર શ્રી નિશિથભાઈ દંડ, સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા અને સહકન્વીનર શ્રી રાજેશભાઈ મોમાયાના સહિયારા પ્રયાસથી અથાક મહેનતથી આ સમીટ સફળતાનો વર્યુ છે.

''આજે નવી દિશામાં પ્રયાણ કરવા એક સોનેરી કિરણ દેખાયું છે. એમાંથી હવે ''જ્ઞાતિ જ્યોત''નાં દર્શન કરીએ.

'સપને સચ કરને સે પહલે સપને દેખને પડતે હૈ',

ઉઠો જાગો, તબ તક ન રૂકો, જબ તક લક્ષ્ય પ્રાપ્ત ન કર લો.''

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન** – ચેન્નઇ

પ્રમુખ – **જયશ્રી પ્રફુલ મોતા**

## "LEADERSHIP SUMMIT"

It was a wonderful gathering of almost all the top leaders of our community from all across the country.

We all independently at local levels, do lot of work for the society. We have lot of funds and Generous leaders, who are always there with us to donate generously for good cause and development of our community. It was the purpose of the leadership summit to see that the resources be utilised in a proper and a united way from a centralised body with a view that every scheme and benefit should reach every member of our community, without being duplicated or wasted. And work with a vision of our gnati's future.

